email: citypulse@gujaratmitra.in

CITY પલ્સ

ગુજરાતમિત્ર

શુક્રવાર ૨૫ ઓક્ટોબર, ૨૦૨૪



# PM મોદીને આવકારવા વડોદરાનો શણગાર

## શહેરના બ્રિજ ,સર્કલ ,સરકારી કચેરીઓને સુશોભિત કરાઈ


કાલાઘોડા સર્કલ


ફતેગંજ સર્કલ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કર્મભૂમિ વડોદરામાં આગમન પૂર્વે શહેરને નવોઢાની જેમ શણગારવામાં આવી રહ્યું છે. શહેરના વિવિધ બ્રિજ, કાલાઘોડા, વુડા સર્કલ અને વિવિધ રોડ તથા સરકારી કચેરીઓને દિવાળી પૂર્વે જ રોશનીથી સુશોભિત કરવામાં આવ્યા છે. ત્યારે શહેરના કાલાઘોડા સર્કલ અને ફતેગંજ બુલ સર્કલ રોશનીથી ઝળહળી ઊઠ્યું છે. આ ઉપરાંત અમિતનગર રોડથી વુડા સર્કલ તરફના ડિવાઈડર પર લગાવેલા ઝાડમાં પણ સિરીઝો લગાવીને રોશનીનો ઝગમગાટ કરવામાં આવ્યો છે. સાથે મંગલ પાંડે બ્રિજ પર પણ લાઈટિંગ કરવામાં આવી છે.

ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ ફેસિલિટીનું ભૂમિપૂજન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઓક્ટોબર, 2022માં કરવામાં આવ્યું હતું અને હવે 24 મહિનાના સમયગાળામાં તેઓ આ ફેસિલિટીનું ઉદ્ઘાટન કરી રહ્યા છે. C-295 પ્રોગ્રામ એ મેક ઈન ઈન્ડિયા પહેલ હેઠળ ભારતના ખાનગી ક્ષેત્રનો પ્રથમ એરોસ્પેસ પ્રોજેક્ટ છે. ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ ફેસિલિટી ભારતીય વાયુસેના માટે સ્વદેશી ઈલેક્ટ્રોનિક વોરફેર સ્યુટ્સથી સજ્જ 40 C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનું ઉત્પાદન કરશે અને તેમને એસેમ્બલ કરશે. આમાંનું પ્રથમ મેડ-ઈન ઈન્ડિયા એરક્રાફ્ટ સપ્ટેમ્બર 2026 સુધીમાં બનીને તૈયાર થઈ જશે તેવો અંદાજ છે, જ્યારે ફાઈનલ એરક્રાફ્ટની ડિલિવરી ઓગસ્ટ 2031 સુધીમાં થવાનો અંદાજ છે. આ ઉદ્ઘાટન સમારોહ વડોદરાના ન્યુ વીઆઈપી રોડ વિસ્તારમાં યોજાશે. જ્યાં બંને વડાપ્રધાનએ એસેમ્બલી લાઈન તેમજ હેંગરની ટુર કરશે. જ્યાં આ એરક્રાફ્ટનું નિર્માણ થનાર છે. કાર્યક્રમ પહેલા વડોદરા એરપોર્ટથી મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સુધી એક ભવ્ય રોડ શો પણ આયોજિત કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાતની વાયબ્રન્ટ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ તેમજ વડોદરાની સ્થાનિક સંસ્કૃતિને પ્રદર્શિત કરવામાં આવશે. આ રોડ શો ભારત અને સ્પેન વચ્ચેના ગાઢ સંબંધોને ઉજાગર કરશે, જેમાં સ્થાનિક વિદ્યાર્થીઓ અને કલાકારો આ ઉત્સવના વાતાવરણમાં ઉમેરો કરશે. ત્યારે પીએમ મોદીના આગમનને લઈ વડોદરા નગરીને શણગાર કરવામાં આવી રહ્યો છે.


રાજમહેલ રોડ


લહેરપુરા દરવાજા


એરપોર્ટ સર્કલ

## MSUની ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ એન્ડ કોમ્યુનિકેશનના વિદ્યાર્થીઓનો અનોખો દેશપ્રેમ

# સૈનિકો માટે લખ્યા દિવાળી શુભેચ્છા કાર્ડ



ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા-વડોદરાની ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ એન્ડ કમ્યુનિકેશનનાં વિદ્યાર્થીઓ ભારતીય જવાનોને હાથથી બનાવેલા કાર્ડ્સ મોકલશે. આ પ્રવૃત્તિ 'બી ધ ચેન્જ ગ્રૂપ'ના સહયોગથી કરવામાં આવે છે. 21 ઓક્ટોબર 2024 ના રોજ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓએ દિવાળી કાર્ડ બનાવ્યાં હતા. છેલ્લા સાત વર્ષથી 'આભાર' પ્રવૃત્તિનાં ભાગ રૂપે દેશની સીમાઓ પર તૈનાત જવાનોને કાર્ડ્સ મોકલાવામાં આવે છે. 'આભાર' પ્રવૃત્તિનું આ આઠમું વર્ષ છે. ફેકલ્ટીના ભૂતપૂર્વ સેનેટ સભ્ય અને 'બી ધ ચેન્જ ગ્રૂપ'ના ફાઉન્ડર સરલ પટેલે જણાવ્યું હતું કે ૨૦૧૬માં ઉરી હમલા બાદ આ પ્રવૃત્તિ કરવાનો વિચાર આવ્યો હતો. દેશના જવાનો ભારત માતાની રક્ષામાં રાત દિવસ દેશની સીમાઓ પર તેનાત રહે છે. તેમની સેવા માટે આભાર વ્યક્ત કરવા માટે ફેકલ્ટીના વિદ્યાર્થીઓ હાથથી દિવાળી કાર્ડ બનાવે છે. બી ધ ચેન્જ ગ્રૂપે અગાઉ વર્ષ ૨૦૧૬માં ૭૫૦, ૨૦૧૭માં ૧૦૦૦, ૨૦૧૮માં ૧૫૦૦, ૨૦૧૯માં ૨૦૦૦, ૨૦૨૧માં ૩૦૦, 2022 માં ૧૦૦૦ અને 2023 માં 1500 કાર્ડ મોકલાયાં હતાં. આ વખતે 2000 કાર્ડ મોકલવાનું લક્ષ્યાંક છે. ફેકલ્ટી આ લક્ષ્યાંકને પૂર્ણ કરવામાં પોતાનો ફાળો આપશે. ગત રવિવારે 20 ઓક્ટોબરે કમાટીબાગના બેન્ડ સ્ટેન્ડ ખાતે પણ વિદ્યાર્થીઓ અને શહેરીજનોએ દિવાળી કાર્ડ બનાવ્યાં હતાં. ફેકલ્ટી ઉપરાંત શહેરની બિન સરકારી સંસ્થાઓ અને ટ્યૂશન ક્લાસના વિદ્યાર્થીઓ પણ કાર્ડ બનાવીને ફેકલ્ટીમાં જમા કરાવી શકે છે. આ કાર્ડ આગામી 25 ઓક્ટોબરે પોસ્ટ કરવામાં આવશે. ત્યાં સુધી લોકો ફેકલ્ટીમાં જમા કરાવી શકે છે. લોકો આ ઈવેન્ટમાં જોડાઈને દેશના જવાનોને પોતાની આભારની લાગણી વ્યક્ત કરી શકે છે. આ પ્રસંગે ડીન પ્રો.(ડો.) નીતિ ચોપરાએ કહ્યું હતું કે 'આભાર' ઈવેન્ટથી અમે સન્માનનીય જવાનોને શુભેચ્છા સંદેશ પાઠવીએ છીએ. જવાનો માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરીને હર્ષ અને આદરની લાગણી અનુભવીએ છીએ. વિદ્યાર્થીઓએ સમર્પણ અને ઉત્સાહથી દિવાળી કાર્ડ બનાવ્યાં છે. ફેકલ્ટીની વિદ્યાર્થી યાશિકા રાજપૂતે જણાવ્યું કે દિવાળી કાર્ડ બનાવવાની આ પ્રવૃત્તિથી અમને ઈવેન્ટના આયોજનનો અનુભવ મળ્યો હતો. અન્ય વિદ્યાર્થિની અનુષ્કા મજીએ કહ્યું હતું કે દિવાળી કાર્ડ લખવાની આ પ્રવૃત્તિથી અમે દેશના જવાનો પ્રત્યે પ્રેમ અને હૂંફ લાગણી વ્યક્ત કરીએ છીએ. તેઓ સરહદ પર રક્ષા કરતા હોવાને કારણે જ દેશવાસીઓ શાંતિથી દિવાળી ઉજવી શકીએ છીએ.





# બ્રેસ્ટ કેન્સર છતાં સ્વાતિ હિંમત ન હારી, કેન્ડલને બનાવ્યું જીવવાનું પેશન







વડોદરાની બ્રેસ્ટ કેન્સર વોરિયર સ્વાતિ કાન્થા એ હિંમત અને દ્રઢ નિશ્ચયનું ઉદાહરણ છે, જે તેણી જીવનમાં આગળ વધતી રહે છે અને નાના આંચકાથી આશા ગુમાવી દેતી અન્ય મહિલાઓને પ્રેરણા આપે છે. તેણીએ સ્તન કેન્સરની સર્જરીમાં બહાદુરી મેળવી અને સ્વ-પ્રેરણા માટે અને અન્ય લોકોને તેમના જુસ્સાને અનુસરવા અને ગર્વ સાથે તેમના સપનાને અનુસરવા માટે પ્રેરિત કરવા માટે તેમનો વ્યવસાય 'સ્વાતિ આર્ટબીટ્સ' શરૂ કર્યો. મુંબઈમાં રહેતી, સ્વાતિ સર્જરી બાદ બાદમાં વડોદરા આવી અને હાથથી બનાવેલી ઈકો-ફ્રેન્ડલી મીણબત્તીઓ અને કિસમિસ આર્ટ વેચવાનો પોતાનો નાનો વ્યવસાય શરૂ કર્યો. 2021 માં, તેણીએ એક પીડાદાયક અને જટિલ સર્જરી કરાવી જેનાથી તેણીનો આત્મા લગભગ તૂટી ગયો. જ્યારે તેણીને કેન્સર હોવાનું નિદાન થયું, ત્યારે તેણે તેને લગભગ કચડી નાખ્યો, પરંતુ તેણી આભારી રહી અને આશીર્વાદ આપી કે ડોકટરો બહુવિધ ગાંઠોની જટિલતાને સમજવામાં સક્ષમ હતા અને સર્જરી સાથે આગળ વધવાનો સમયસર નિર્ણય લીધો હતો. તેણીના માતા-પિતા, ભાઈ-બહેન અને બાળકોના સમર્થનથી, તેણી વિજેતા તરીકે ઉભરી અને હવે અન્ય મહિલાઓ માટે જીવનમાં ક્યારેય આશા ન ગુમાવવાનો માર્ગ મોકળો કરી રહી છે.હોસ્પિટલની મારી પ્રથમ મુલાકાત દરમિયાન, મેં રિસેપ્શન એરિયાની બહાર એક મજબૂત મહિલાનું પોટ્રેટ જોયું. તેનાથી મને પેઈન્ટિંગ શરૂ કરવાની પ્રેરણા મળી અને સર્જરી પહેલા મને શક્તિ મળી. સર્જરી પહેલા મારી જાતને વ્યસ્ત રાખવા માટે મેં પેઈન્ટિંગ કરવાનું શરૂ કર્યું. મેં થોડા નાના ટુકડાઓ દોર્યા અને પછી એક મધુબની પેઈન્ટિંગ, જે મારા માટે એક ખજાનો છે. સર્જરી પછી, મારા માતા-પિતા સાથે રહેવા વડોદરા ગયા પછી હું રેઝિન ક્લાસમાં જોડાયો. પછી, દિવાળી આવી, અને મેં અનન્ય ડિઝાઈનવાળી, સુંદર સુગંધિત મીણબત્તીઓ બનાવવાનું શરૂ કર્યું જે લોકોમાં લોકપ્રિય બની, કારણ કે આ તે સમય છે જ્યારે દરેકને મીણબત્તીઓ ગમે છે. મારી મીણબત્તીઓ શુદ્ધ સોયા મીણની બનેલી છે, જે બિન-ઝેરી છે અને સળગ્યા પછી હાનિકારક નથી.





## પગાર અને બોનસ થઇ જતા દિવાળીના ફટાકડા માટે લોકોનો ધસારો જોવા મળ્યો

# આકાશી આતશબાજી કરતા 4 થી 6 ઇંચના ગુબ્બારાઓ ઓન ડિમાન્ડ




### કોઠી, ચકરી અને તારામંડળ એવર ગ્રીન, ટીકડી અને રોલ જેવી વસ્તુઓ લુપ્ત થઇ



પર્વના પૂંજ દિવાળીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે પગાર અને બોનસ સમયસર થઈ જતા દિવાળીના ફટાકડા માટે લોકોનો ધસારો જોવા મળ્યો છે. આકાશી આતશાબાજી કરતા ૪ થી ૬ ઈંચના ગુબ્બારાઓ ઓન ડિમાન્ડ છે જ્યારે ટીકડી અને રોલ જેવી વસ્તુઓ લુપ્ત થઈ ગઈ છે. શિવાકાશીથી આવતા ફટાકડા વિશે માહિતી આપતા રેમ્બો ક્રેકર્સના ફાઉન્ડર-ઓનર એવા ઈસ્માઈલ કાપડવાલા અને ઈમરાન કાપડવાલાએ જણાવ્યું હતું કે, દર વર્ષે ફટાકડામાં નિત નવીન વસ્તુઓનો સતત ઉમેરો થતો હોય છે. અત્યાર સુધી ફક્ત ૩.૫ ઈંચ સુધીના ગુબ્બારાઓ આવતા હતા. ત્યારે આ વર્ષે પહેલી વાર આકાશી આતશાબાજી કરતા ૪ થી ૬ ઈંચના ગુબ્બારાઓ આવ્યા છે. આ સાથે ડોલર અને પોકર વ્હીલ જેવી ફેન્સી ચકરી ઉપરાંત લેઝર શો ટાઈપની કોઠી અને ૧૦ થી ૧૫ ફૂટ સુધી સ્પિડમાં ભાગતી શિકા રનિંગ કારના નામથી કોઠી કાર ન્યૂ લોંચ કરાઈ છે. શહેર નજીક દિવાળીપુરા ખાતે હોલસેલના ભાવે રિટેલમાં ફડાકડા પ્રાપ્ત થાય છે અને તેની માટે લોકો સવારના ૯ કલાકથી લાઈનમાં લાગી જતા હોય છે. નાના બાળકો પણ આતશાબાજી કરી શકે તે માટે ૦.૫ ઈંચના ગુબ્બારાઓની માગમાં દિવસેને દિવસે વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા થોડા વર્ષથી ભોય ભડકાની જગ્યા ઈકોફ્રેન્ડલી પોપ અપે લઈ લીધી છે. આ સાથે પ્રદુષણ ફેલાવતા સાપ હવે લોકો ઓછા લેવાના પસંદ કરે છે.

